■ રામ ચોક સ્થિત શ્રી રામ મંદિરની સ્થાનિક કોર્પોરેટરો દ્વારા સાફસફાઈ: અયોધ્યા ધામમાં શ્રીરામ જન્મભૂમિ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા સંદર્ભે માન.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સૌને મંદિરો તેમજ તીર્થસ્થળોની સાફસફાઈ કરવાનું આહ્વાન કર્યું છે. જે સંદર્ભે વર્ષ 1992 માં શ્રી રામજન્મભૂમિ મંદિર આંદોલન સમયે અઠવા ઝોનમાં ઘોડદોડ રોડ ખાતે રામ ચોક પર નિર્માણ પામેલ શ્રી રામ મંદિરમાં કોર્પોરેટર દીપન દેસાઈ સહિતના કોર્પોરેટરો, વોર્ડ સંગઠનના હોદ્દેદારો, કાર્યકર્તાઓએ સાથે મળીને મંદિર પરિસરની સાફ-સફાઈ કરી.

૨૪મીએ 'બાલિકાદિવસ' ગુજરાત વિધાનસભાની સંપૂર્ણ કામગીરી બાલિકાઓને સોંપવામાં આવશે

વિધાનસભાનું સંચાલન, ધારાસભ્ય બનીને લોકપ્રશ્નો ઉઠાવવા સાથે સરકારની કામગીરીની બાલિકાઓ ચર્ચા કરશે

અમદાવાદ, તા.૧૮

24 જાન્યુઆરી 2024 બાલિકા દિવસ નિમિત્તે ગુજરાત સરકારે અનોખી ઊજવણી કરવાનો નિર્ણય લીધો છે. ગુજરાત વિધાનસભાની અંદર બાલિકાઓ દ્વારા કાર્યવાહી ચલાવવામાં આવશે અને તમામ સંચાલન પણ તેમના દ્વારા કરવામાં આવશે તેવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વિધાનસભા અને મહિલા તથા બાળ કલ્યાણ વિભાગ દ્વારા સંયુક્તપણે આ આયોજન કરવામાં આવ્યું છે.

અધ્યક્ષ શંકર ચૌધરીએ કહ્યું કે 24 જાન્યુઆરીનાં રોજ બાલિકા દિવસની ઊજવણી ગુજરાત વિધાનસભા તેમજ રાજ્ય સરકારનાં મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાત વિધાનસભામાં ગૃહની અંદર જે રીતે વિધાનસભાની કાર્યવાહી ચાલતી હોય છે તેવી કાર્યવાહી બાલિકાઓ દ્વારા કરવામાં આવે અને સંચાલન પણ બાલિકાઓ દ્વારા કરવામાં આવે તેવું આયોજન કરવામાં આવ્યું છે.

ઉજવણીને લઈ વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીએ આપી માહિતી આપતાં કહ્યું કે કાર્યક્રમનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવશે.

વેસુમાં સાવકા પિતાના મિત્રએ પુત્રીની છેડતી કરી

સુરતઃ વેસુ વિસ્તારમાં રહેતા રહેતી અને ઘરકામ કરતી યુવતીને ત્યાં ગઈ તા.૧૬ જાન્યુઆરીના રોજ તેના સાવકા પિતા અને પિતાનો મિત્ર ભરત ટાંક (ઉ.વ.૪૨, રહે. અમદાવાદ) રાત્રિના સમયે આવ્યો હતો. જોકે ભરત સાથે પરિવારના સંબંધ સારા ન હોય તેમને ઘરની બહાર જવાનું કહ્યું હતું. તેમ છતાં ભરત ટાંકે બેડરૂમમાં જતા રહી થોડી વાર બાદ ટુકી ચડ્ડીઓ પહેરીને આવી મિત્રની પુત્રીનો હાથ પકડવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ તેણી વિશે ગંદી કમેન્ટો કરી હતી. ભરત ટાંકને આ અંગે ઠપકો આપતા તેણે જોર જોરથી બુમો પાડી હતી અને મિત્રની પત્ની અને પુત્રીને ઘરમાંથી બહાર નિકળી જવાનું જણાવી ઝઘડો કર્યો હતો. આ મામલે વેસુ પોલીસ સ્ટેશનમાં ભરત ટાંક વિરૂધ્ધ ગુનો નોંધાવવામાં આવતા પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

ટાઈટલ ઈન્વેસ્ટીગેશન રિપોર્ટ અંગેની જાહેર નોટિસ

આથી તમામ લાગતા વળગતાઓને હાલની આ જાહેર નોટિસથી જણાવવાનું કે,

નવસારી જિલ્લાનાં નવસારી તાલુકાના મોજે આમરી મુકામે આવેલ મહાદેવ ફળિયા ખાતે ગામતળની જગ્યા પર બાંધવામાં આવેલ ઘર નં.૪૩ વાળી મિલકત જેનો વિસ્તાર અંદાજીત ૨૦૦ ચો.મીટર છે તે મિલકતના માલિક ચીમનભાઈ રણછોડભાઈ પટેલ પોતાની હોવાનું જણાવી સદરહુ મિલકતના માલિકી કબજા, ભોગવટા, વહીવટ હેઠળની છે અને ૫૦ વર્ષ કરતા વધુ સમયથી વડીલોપાર્જીત રણછોડભાઈ ભગાભાઈ પટેલનાઓના વારસદાર તરીકે લાગ-ભાગ, હક-હિસ્સો, દર-દાવો દર્શાવી સદરહુ મિલકત ઉપર બોજો ઉત્પન્ન કરી રાષ્ટ્રીયકૃત બેંકમાંથી આર્થિક સહાય મેળવવા માંગતા હોઈ, શ્રી ચીમનભાઈ રણછોડભાઈ રહેવાસીઃ મહાદેવ ફળિયુ, આમરી, તા.જિ. નવસારીનાઓની માલિકી પરત્વે કોઈ પણ વ્યક્તિને અગર કોઈ નાણાકીય સંસ્થાને લાગ-ભાગ, હક-હિસ્સો, દર-દાવો હોય તો તે અંગે દસ્તાવેજી પુરાવા સહિત દિન-૭ માં વાંધા રજૂ કરવા. મુદતસર વાંધા રજૂ કરવામાં કસૂર થશે તો સદરહુ મિલકતની માલિકી, કબજા-ભોગવટા, વહીવટ અન્વયે કોઈ પણ વ્યક્તિને, હરકત, અડચણ, અટકાવ, વાંધો કે વિરોધ નથી એવું સમજી લઈ હમારા અસીલ તેઓના નામે વેચાણ દસ્તાવેજ કરી/કરાવી લેશે તે વેળા સદરહુ મિલકત અન્વયે કોઈ પણ વ્યક્તિને કોઈ પણ પ્રકારનો લાગ-ભાગ, હક-હિસ્સો, દર-દાવો નથી યા દર-દાવો જતો કર્યો છે અને કોઈ પણ વ્યક્તિને અગર સંસ્થા સમક્ષ સદર મિલકત ઉપર બોજો ઉત્પન્ન કરવામાં આવેલ નથી, એવું માની લેવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર કે વાંધા વિરોધ ચાલશે નહિ અને ટાઈટલ ક્લીયરન્સ રિપોર્ટ ઈસ્યુ કરવામા આવશે જેની લાગતા વળગતાએ નોંધ લેવી. **તા.૧૧-૦૧-૨૦૨૪**

ઓફીસઃ ૧૦૨- ગોવિંદ ભુવન, સુળે કોમ્પલેક્ષ, સયાજી ચૈભવ લાયઢ્રોરી સામે, નવસારી ફોન નં. ૦૨૬૩૭-૨૫૪૪૩, મોબાઇલ નં. ૯૮૨૫૦૯૦૯૫૦

સુધીર શરદ સુળે (એડવોકેટ અને નોટરી)

નમુનો-ખ

ગુજરાત સિનેમા નિયમો-૨૦૧૪ ના નિયમ ૪ હેઠળ નોટીસ.

વી.આર. એન્ટરટેઈનમેન્ટ ભાગીદારી પેઢીના ભાગીદાર પુખરાજ ગોકુલચંદ શાહ રહે. એફ-૮૧૭, ગ્રીન એવન્યુ, ઘોડ દોડ રોડ, સુરતનાંઓએ મોજે.મોટા વરાછા તા.સુરત શહેર અડાજણ જી.સુરત સ.નં./બ.નં. ૩૨૪ અને ૩૨૫ ટી.પી.સ્કીમ નં.૨૫ (મોટા વરાછા) એફ.પી. નં. ૧૭ અને ૧૮ ક્ષે. ૬૩૮૦ ચો.મી. વાળી જમીન ઉપર ૫(પાંચ) સ્ક્રીનવાળુ મલ્ટીપ્લેક્ષ સિનેમા ગૃહ બાંધવા માટે "ના-વાંધા પ્રમાણપત્ર" મેળવવા માટે મને અરજી કરી છે.

આથી નોટીસ આપવામાં આવે છે કે ઉપરોકત "ના-વાંધા પ્રમાણપત્ર" આપવા અંગે કોઇ પણ વાંધો લેનાર વ્યકિતએ પોતાનો વાંધો નીચે સહી કરેલા અધિકારીને સને ૨૦૨૪ ના ફેબ્રુઆરી મહિનાની ૨૦ મી તારીખ સુધીમાં લખી મોકલવો જોઇશે. તે તારીખ પછી મળેલા કોઇ પણ વાંધા પર વિચારણા થવાવાશે નહી. વાંધો લેનાર વ્યકિતએ નીચે સહી કરનાર અધિકારી રુબરુ તા. ૨૮ /૦૨/૨૦૨૪ ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે તેમના વાંધા સંદર્ભમાં સુનાવણી માટે હાજર રહેવા જણાવવામાં આવે છે.

આજ તા. ૧૦ /૦૧/૨૦૨૪ ના રોજ મારી સહી સીકકો કરી આપ્યો.

સુરત
તા.૧૦/૦૧/૨૦૨૪

(વિજય રબારી)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરત

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, મજુરા સબ-ડીસ્ટ્રીકટ, શહેર સુરતના મોજે ગામ ઉમરાના રેવન્યુ સર્વે નં. ૯ પૈકી, ટી.પી.સ્કીમ નં. ૫ (ઉમરા-નોર્થ) ફા. પ્લોટ નં. ૧૫ પૈકી સબ-પ્લોટ નં. ૧ વાળી જમીન જેનું ક્ષેત્રફળ ૨૭૪૬ ચો.મી. વાળી જમીનમાં આયોજીત ''સાંઈ સુર્યા રો-હાઉસ'' ના નામથી ઓળખાય છે. જેમા આવેલ સબ-પ્લોટ નં. ૨/બી વાળી મિલકત જેનું ક્ષેત્રફળ સુમારે ૧૦૭.૨૬ ચો.મી. વાળી બાંધકામ સીહતની મિલકત (૧) પુનીતાબેન મનોહરભાઈ પરમાર (૨) અનસુયાબેન નટવરલાલ સાપરિયાનાઓની સંયુકત માલીકી, કબજા, ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી તેમજ સદરહું મિલકત કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થા પાસે ગીરો કે મોર્ગેજમાં મુકેલ નથી કે સદરહું મિલકત ઉપર કોઈ લીયન કે કરજ ઉભુ કરેલ નથી કે અન્ય કોઈને વેચાણ આપવાનું નકકી કરેલ નથી તેમજ સદરહું મિલકતમાં અન્ય કોઈ વ્યકિત, સંસ્થા, બેંક, હીસ્સેદાર, દાવેદાર નથી કે તે અંગેના કોઈ લખાણો કે કરારો કરેલ નથી તેવુ જણાવી યાને કે સદરહું મિલકતના ટાઈટલ સંપુર્ણ કલીયર હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેમ છતાં સદરહું મિલકત ઉપર બેંક, સંસ્થા, વ્યકિત યા હરકોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, બોજે, દર-દાવો, સાટાખત, બાનાખત હોય તો તેમણે દિન-૭ માં હમોને લેખિત પુરાવા સહિત રૂબરૂ મળવું. મુદ્દત વિત્યે કોઈના કોઈપણ જાતના હકકો નથી અને જો હોય તો તે છોડી દીધા યાને વેવ કરેલ છે તેમ ગણી હમારા અસીલ ઉપરોકત મિલકતનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

રાજેશ જી. શર્મા તે ખરીદનારના (એડવોકેટ એન્ડ નોટરી)
ઓફિસ :- એબી-૭, પહેલો માળ, સનરાઈઝ રેસીડેન્સી, ગોવિંદપાર્કની બાજુમાં, ઉત્રાણ, સુરત. મો. ૯૩૪૪૭ ૨૯૫૩૩

ચેકરિટર્નકેસમાં સતત ગેરહાજર રહેનારા મુંબઈના દંપતીને જેલભેગા કરવા હુકમ

રિંગરોડના વેપારી પાસેથી સાત લાખનું કાપડ ખરીદી મુંબઈના દંપતીએ સાડાચાર લાખનો આપેલો ચેક રિટર્ન થયો હતો

સુરત, તા. 18

ચેક રિટર્નના કેસમાં સતત ગેરહાજર રહી કાર્યવાહીમાં ખોરંભે પાડનાર આરોપીને કોર્ટે જેલમાં મોકલવા હુકમ કર્યો હતો. કોર્ટે આરોપીની પત્નીની પણ ધરપકડ કરી કોર્ટ સમક્ષ હાજર કરવા ગોરેગાઉ પોલીસને આદેશ કર્યો હતો. સુરત રિંગરોડ સ્થિત સીટી ટેક્સટાઈલ માર્કેટના હર્ષદ ગોરડિયા પાસેથી મુંબઈ ગોરેગાઉ સ્થિત દ્રષ્ટિ સ્ટુડિયો નામે ધંધો કરતા રસીલાબેન અને તેમના પતિ નેમચંદ રાયચંદ ચંદુએ 7.22 લાખનો કાપડનો માલ ખરીદ્યો હતો. જેના પાર્ટ પેમેન્ટ પેટે દંપતિએ રૂ. 4.39 લાખનો ચેક હર્ષદભાઈને આપ્યો હતો. જે ચેક રિટર્ન થતા કોર્ટમાં ફરિયાદ થઈ હતી.

આ કેસમાં આરોપી દંપતીને સમન્સની બજવણી થયા બાદ કોર્ટમાં સતત ગેરહાજર રહી કેસની ટ્રાયલ ખોરંભે પાડતા હતા. આ કેસની સુનાવણી દરમિયાન ફરિયાદ પક્ષના એડવોકેટ નરેશ ગોહિલે કોર્ટ પ્રત્યે આરોપીઓની વર્તણૂક અંગે કોર્ટનુ ધ્યાન દોર્યું હતું. જેથી કોર્ટે આરોપીઓ વિરુદ્ધ પકડ વોરંટ ઈશ્યુ કર્યા હતા. ગોરેગાંવ પોલીસે આરોપી નેમચંદ રાયચંદ નંદુને મુંબઈથી પકડી સુરતની કોર્ટમાં રજૂ કર્યા હતો. કોર્ટે આરોપીને જેલ ભેગો કર્યા હતો. જ્યારે આરોપીની પત્ની રસીલાબેનને પણ કોર્ટમા તાત્કાલીક હાજર કરવા પોલીસને કોર્ટે સૂચના આપી હતી.

સેન્ટ બેંક હોમ ફાયનેન્સ લિમિટેડ
Cent Bank Home Finance Limited

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા કી અનુષંગી Subsidiary of Central Bank of India

સુરત શાખા : ૬૨,પહેલા માળે,સુભાષ નગર સોસાયટી, રામ ચોક નજીક,કેનેરા બેન્કની ઉપર,ઘોડદોડ રોડ, સુરત - ૩૯૫૦૦૪ ફોન નં.(૦૨૬૧) ૨૨૫૪૫૧૦-૫૧૧

કબજા નોટીસ [રૂલ ૮(૧) મુજબ સ્થાવર મિલકત માટે]

આથી નીચે સહી કરનાર **સેન્ટ બેંક હોમ ફાઈનાન્સ લિમીટેડ સુરત શાખા**ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ , ૨૦૦૨ (એકટ) સાથે વંચાણે લેતા સેકશન ૧૩ (૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ ,૨૦૦૨ (રૂલ) ના રૂલ 3 અંતર્ગત પ્રાપ્ત અધિકારો મુજબ નીચે જણાવેલી તારીખે જારી કરાયેલી વિગતવાર ડિમાન્ડ નોટીસ નીચે જણાવેલ દેવાદારોને મોકલવામાં આવી હતી જે મુજબ તેમણે **નોટીસની તારીખથી ૬૦ દિવસમાં બાકી લેણી રકમ સેન્ટ બેંક હોમ ફાઈનાન્સ લિમીટેડ સુરત શાખા**ને ચુકવી દેવાની હતી.

દેવાદાર એમ કરવામાં નિષ્ફળ નિવડયા હોઈ દેવાદારોને ખાસ તથા જાહેર જનતાને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે **નીચે જણાવેલી મિલકતનો કબજો નીચે સહી કરનાર અધિકૃત અધિકારી**એ તેમને એકટના ખંડ ૧૩ (૪) અને કથિત રૂલ્સના રૂલ ૮ હેઠળ મળેલા અધિકાર મુજબ લીધો છે.

ખાસ **દેવાદારો/જામીનદારો અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે સદર મિલકતો ઉપર સેન્ટ બેંક હોમ ફાઈનાન્સ લિમીટેડ સુરત** શાખાના અધિકારો નીચે જણાવેલ બાકી લેણી રકમ તથા ત્યારબાદના વડત વ્યાજ અને ખર્ચ તથા ચાર્જિસની રકમ સામે છે જેથી એનો કોઈ પણ રીતે સોદો કરી શકાશે નહીં. વધારાનું વ્યાજ, દંડનું વ્યાજ,ખર્ચ, કિંમત વગેરે નોટીસની તારીખથી ગણાશે.

દેવાદાર/સહદેવાદાર અને જામીનદારના નામ અને ખાતા નં.	ગીરો મિલકતનું વર્ણન	નોટીસની તારીખ / કબજા તારીખ	નોટીસની તારીખે બાકી રકમ
શ્રી જિગ્નેશ બાબુભાઇ ઠોલકિયા અને શ્રીમતી અરૂણાબેન જિગ્નેશ ઠોલકિયા ખાતા નં. ૦૧૫૦૨૦૧૦૦૦૦૧૫૭	તમામ ખંડ અને અખંડિત ભાગની બનેલી મિલકત ફલેટ નં. : બી/૭૦૨, સાતમા માળે, બિલ્ડીંગ નં. બી, ''સન્ડે એવન્યુ''ની જમીન પર બાંધવામાં આવેલ છે. જેનો રેવન્યુ સર્વે નં.૯૫, ટી.પી. સ્કીમ નં. ૪૯ (કતારગામ), ફાઇનલ પ્લોટ નં.૬૨ પૈકી પ્લોટ નં. ૧ આંબાતલાવડી, મોજે ગામ કતારગામ, પેટા જીલ્લો તાલુકો કતારગામ, જીલ્લો સુરત,૩૯૫૦૦૪ **ચતુઃસીમાઃ પૂર્વેઃ** ફાઇનલ પ્લોટ નં.૯૭, **પશ્ચિમેઃ** ફાઇનલ પ્લોટ નં.૨૮૫ અને એસ.એમ.સીનો ખુલ્લો પ્લોટ, **ઉત્તરેઃ** રોડ, **દક્ષિણે :** ફાઇનલ પ્લોટ નં. ૧૧૬, રેવન્યુ સર્વે નં. ૧૦૪.	17.07.2023 13/01/2024 (વાસ્તવિક)	₹ 46,85,154/- + વ્યાજ અને અન્ય ચાર્જિસ

સ્થળ :સુરત ,
તા.૧૮.૦૧.૨૦૨૪

અધિકૃત અધિકારી,
સેન્ટ બેંક હોમ ફાઈનાન્સ લિમીટેડ સુરત

ઓલપાડના સોંદલાખારા ખાતે સદગુરૂ ઈશારામબાપુ ધામ ખાતે સાલગીરીની ઉજવણી

સુરત, તા. ૧૮ સદગુરૂશ્રી ઈશારામબાપુ, ગુરૂ માતા રાધાબા ના હસ્તે આપેલ પવિત્ર ઝંડાની સાતમી સાલગીરી સોંદલાખારા ગામ ઓલપાડ ખાતે ગઈ તા.૧૫ જાન્યુઆરીના રોજ ઉજવવામાં આવી હતી. ઓલપાડના સોંદલાખારા ખાતે આવેલા મહાકાળીમાં મંદીરના રમેશ બાપુએ જણાવ્યું હતું કે, સદગુરૂ શ્રી ઈશારામ બાપુ દ્વારા ગુરૂ માતા રાધા બાના સ્વહસ્તે અપાયેલી પવિત્ર ઝંડાની સાતમી સાલગીરી ઉજવવામાં આવી હતી. ગઈ તા.૧૫ જાન્યુઆરીના રોજ મહા આરતી ધુપ, તેમજ મહાપ્રસાદી અને રાત્રિના સમયે ભજન સત્સંગનું આયોજન કરાયું હતું. જેમાં કલાકાર જમીયત પટેલ, સીતા પટેલેના સ્વરે ભજન સત્સંગમાં ભક્તો તરબોળ થયા હતા. ભક્તિભાવ ભર્યા માહૌલમાં સોંદલાખારા ગામે સાલગીરીની ઉજવણીમાં ગુરૂદેવના ચરણરજ દિપીકાબેન રમેશલાલ ભગત, અલકા રાજુભાઈ, સુશીલા સતીશ એચ.પટેલ, અમૃતભાઈ સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

નશાબાજ યુવકે મિત્ર એવા રત્નકલાકારનું ગુપ્તાંગ ખેંચતાં ઈજા

સુરત, તા.18

દારૂ પીધા પછી થયેલી મિત્રતા બાદ દારૂડિયા યુવકે બદકામ કરવા માટે દબાણ કરી રત્નકલાકારનુ શિશ્ન ખેંચી લેતા સોજો થઈ ગયો હતો. હાલ રત્નકાલાકાર નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યો છે. વરાછા ખાતે રહેતો બિહારવાસી યુવક રત્નકલાકાર તરીકે નોકરી કરી પરિવારનુ ગુજરાન ચલાવે છે. વિનોદ ગત ૩૧મી ડિસેમ્બરના રોજ સુરત રેલવે સ્ટેશન પર દારૂ પીવા ગયો હતો. જ્યાં એક અજાણ્યા ઈસમ સાથે પરિચય થયા બાદ બન્ને એક સાથે બેસીને દારૂની પાર્ટી કરી રહ્યા હતા. ત્યારબાદ મોડી રાત્રે અજાણ્યો ઈસમ વિનોદને તેના ઘરે લઈ ગયો હતો. રાત્રે ઊંઘમાં બદકામ કરવા દબાણ કરતો હતો. પણ ના પાડતા દારૂડિયા યુવકે નશાની હાલતમાં રત્નકલાકારનું શિશ્ન ખેંચી કાઢતા સોજો આવી ગયો હતો. વિનોદને એવુ હતુ કે સારુ થઈ જશે પરંતુ સોજો વધારો થઈ જતા આજરોજ તેના મિત્ર ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યો હતો. જ્યાં તબીબી પરીક્ષણ બાદ શિશ્નની ચામડી ખેંચાઈ જતાં સોજો આવી ગયો હોવાનું જણાયું હતું.

TATA
ટાટા કેપીટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

રજિ.ઓફિસ : ૧૧મા માળે, ટાવર - એ, પેનીસ્યુલા બિઝનેસ પાર્ક, ગણપતરાવ કદમ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ - ૪૦૦૦૧૩.
બ્રાન્ચનું સરનામું: ઓફિસ નં.૨૦૮ થી ૨૧૨, બીજા માળે, ઈકો કુટુર્ગ, ખાટુ શ્યામજી મંદિરની નજીક, ન્યુ સીટી લાઈટ રોડ, સુરત - ૩૯૫૦૦૭

સ્થાવર મિલકતના વેચાણ માટેની જાહેર નોટીસ
(સિક્યુરિટી ઈન્ટરેસ્ટ(એન્ફોર્સમેન્ટ)રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૯(૧) અંતર્ગત)

સિરીઝ નં.	લોન ખાતા નં.	દેવાદાર(રો), સહ દેવાદાર (રો), કાનૂની વારસદાર(રો), કાનૂની પ્રતિનિધિ(ઓ) ના નામ	ડીમાન્ડ નોટીસ મુજબની બાકી રકમ અને ડીમાન્ડ નોટીસની તારીખ	અનામત કિંમત	અર્નેસ્ટ મની	કબજાનો પ્રકાર
30	10253427	શ્રીધર્મેન્દ્રકુમાર શ્યામલાલુ ગુપ્તા, શ્રીમતી લલીતા ધર્મેન્દ્ર દેવી	Rs. 8,66,925/- (રૂપિયા આઠ લાખ છાસઠ હજાર નવસો પચ્ચીસ પુરા) 13-02-2020	Rs.10,01,300/- (રૂપિયા દસ લાખ એક હજાર ત્રણસો પુરા)	Rs. 1,00,130/- (રૂપિયા એક લાખ એકસો ત્રીસ પુરા)	વાસ્તવિક

સ્થાવર મિલકતનું વર્ણન : તમામ ખંડ અને અખંડિત ભાગની સ્થાવર મિલકત રહેણાંક ફલેટ નં.ઈ-૨૦૫,બીજા માળે, ઈ-બિલ્ડીંગ ક્ષેત્રફળ ૫૮૯ ચો.ફૂટ અથવા ૫૪.૭૪ ચો.મી. સુપરબિલ્ટઅપ એરિયા સૂર્યા રેસીડેન્સી,રે.સ.નં.૪૮૩/૧ વટાર ગ્રામપંચાયતની હદમાં ગામ વટાર પેટા જિ.વાપી ,જિ.વલસાડ ગુજરાત **ચતુઃસીમા :** પૂર્વે : ખુલ્લી જગ્યા,પશ્ચિમે : ઓટીએસ અને ફલેટ નં.૨૦૪,ઉત્તરે : ખુલ્લી જગ્યા,દક્ષિણે : પેસેજ અને ફલેટ નં.૨૦૬

આથી સામાન્ય જનતાએ તેમની બીડ (બિડસ્) રૂબરૂમાં રજૂ કરવા વિનંતી કરવામાં આવે છે. ગીરવે મૂકવામાં આવેલી મિલકત/સંપત્તિનું વેચાણ ઉપર જણાવ્યા મુજબ કરવામાં આવશે. દેવાદાર(રો) અને સહ દેવાદાર (રો)ને કુલ લેણી રકમ તેના પર વડત વ્યાજ તથા અન્ય ખર્ચ સહિતની રકમ આ નોટીસ પ્રકાશીત થયાની તારીખથી દિવસ ૩૦ માં ચુકવી આપવાની છેલ્લી તક આપવામાં આવે છે. જો ઉપર જણાવવામાં આવેલી રકમ, વ્યાજ અને ખર્ચ (જેમાં વેચાણ ખર્ચનો સમાવેશ થાય છે)સહિત અધિકૃત અધિકારી સમક્ષ રજૂ કરવામાં આવશે અને તેને સંતોષ થાય તે રીતે લેણી રકમ, વ્યાજ અને ખર્ચ ઈ-ઓકશનની શરૂઆત પહેલાં ચૂકવી દેવામાં આવી હશે તો વેચાણ પડતું મૂકવામાં આવશે. કોઈ અધિકારી અથવા અન્ય વ્યકિતને આ મિલકત સંબંધી કોઈ ફરજ સોંપવામાં આવી નથી. જોકે તે પ્રત્યક્ષ યા અપ્રત્યક્ષ રીતે મિલકતના વેચાણ માટે પ્રયાસ કરી શકશે નહી. આ વેચાણ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨નાં નિયમો અને શરતો મુજબ રહેશે.

નોંધઃ ઈ-ઓકશન પોર્ટલ https://bankauctions.in દ્વારા ૨૧-૦૨-૨૦૨૪ ના રોજ બપોરે ૨.૦૦ થી ૩.૦૦ વાગ્યા સુધી ૧૦ મિનિટના મર્યાદિત વધારા સાથે.

નિયમો અને શરતઃ ૧. નીચે આપવામાં આવેલી માહિતી નીચે સહી કરનારની ઉત્તમ જાણકારી મુજબ છે. પરંતુ તેમાં જો કોઈ ખોટું નિવેદન હશે અથવા જાહેરાત કરતી વખતે કોઈ ભૂલ કે ચૂક રહી ગઈ હશે તો તેનાં માટે અધિકૃત અધિકારી જવાબદાર રહેશે નહીં. બીડની રકમમાં જો કોઈ વિવાદ ઊભો થશે તો એ લોટ ફરીથી વેચાણ માટે મૂકવામાં આવશે. અને ગીરવે લેનારનો નિર્ણય આ બાબતે અંતિમ માનવામાં આવશે. **૨.** મિલકત અનામત કિંમતથી નીચા ભાવે વેચવામાં આવશે નહીં. **૩.** બીડની બોલીમાં **રૂ.૧૦,૦૦૦/- (ફકત દસ હજાર)**નાં ગુણાંકમાં વધારો કરવાનો રહેશે. **૪.** મિલકતની ખરીદી માટે તમામ બીડની સાથે અર્નેસ્ટ મની ઉપર જણાવ્યા મુજબ ડિમાન્ડ ડ્રાફટમાં ''ટાટા કેપિટલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ''સુરત ખાતે ચૂકવવાને પાત્ર મોકલવાનો રહેશે. હરાજી પુરી થયા બાદ નિષ્ફળ બીડરને ઈએમડીનો ડ્રાફટ પાછો આપી દેવામાં આવશે. **ઇયેમડીની** ચુકવણી **એનઇએફટી/આરટીજીએસ/આઇએમપીએસ** દ્વારા કરવાની રહેશે તેના માટે અધિકૃત અધિકારીનો સંપર્ક કરવો. **૫.** સૌથી ઊંચી બોલી લગાવનાર બીડરને સફળ જાહેર કરવામાં આવશે અને તે અથવા તેણી કાયદેસર રીતે ઓકશનમાં ભાગ લેવાને પાત્ર છે એમ માની લેવામાં આવશે. અનામત કિંમતથી ઓછી કિંમતે મિલકતનું વેચાણ થશે નહીં અને સૌથી ઊંચી બોલી અથવા તો જે કિંમત રાખવામાં આવી હશે તે સ્વીકારવી કે ન સ્વીકારવી તે અધિકૃત અધિકારીની મુનસફી પર આધાર રાખે છે. **૬.** કોઈપણ કારણોસર વેચાણ મુલતવી રાખવું કે રદ કરવું તે બાબતનો નિર્ણય કરવાની અધિકૃત અધિકારીને સત્તા છે. **૭.** મિલકતની તપાસણી **તા. ૧૨-૦૨-૨૦૨૪ ના રોજ સવારે ૧૧.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા** સુધી અગાઉથી મંજૂરી લઈ કરી શકાશે. **૮.** સફળ બીડરે તેણે જાહેર કરેલી કુલ વેચાણ કિંમતની ૨૫ ટકા રકમ તાત્કાલિક ચૂકવવાની રહેશે, જેમાં ઈએમડીનો સમાવેશ થઈ જશે. આ રકમ ૨૪ કલાકની અંદર ચૂકવી દેવાની રહેશે. તેમાં નિષ્ફળ ગયેલી ડિપોઝીટ સહીતની રકમ જપ્ત થશે અને તે મિલકત ફરીથી હરાજી અથવા વેચાણ માટે મુકવામાં આવશે. મિલકત ખાનગી કરાર દ્વારા પણ વેચી શકાશે. **૯.** ઉપર જણાવ્યા મુજબ ૨૫ ટકા રકમ જમા કરાવ્યા બાદ બાકીની રકમ ખરીદનારાઓએ ડીડી/આરટીજીએસ દ્વારા 'અધિકૃત અધિકારી'ને તેના વેચાણને મંજુરી આપ્યાની તારીખથી ૧૫ દિવસમાં કરી દેવાની રહેશે. જેમાં રવિવાર તથા રજાનાં દિવસો આવી જતાં હશે તો ઓફિસ ખુલ્યાનાં પહેલાં દિવસે આ રકમ જમા કરાવવાની રહેશે. **૧૦.** ઉપર જણાવેલા સમય અનુસાર ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે તો મિલકતનું ફરીથી વેચાણ કરવામાં આવશે અને તેમાં ખાનગી સોદાને પણ આવરી લેવામાં આવશે અને ઈએમડી સહિતની ભરેલી રકમ ટાટા કેપિટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરફથી જપ્ત કરી લેવામાં આવશે. નિષ્ફળ ખરીદનારનો મિલકત પરનો કોઈ દાવો સ્વીકારવામાં આવશે નહીં. **૧૧.** મિલકત પર કોઇપણ પ્રકારનો બોજો કે દાવો લેણા નિકળતા નથી અને ટાટા કેપિટલ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ ની જાણ મુજબ આ મિલકત પર બોજો શૂન્ય છે. ઉપરના ટેબલમાં માહિતી આપવામાં આવી છે.સંભવિત બીડરની સલાહ આપવામાં આવે છે કે, ઇ ઓકશનમાં ભાગ લેતા પહેલા મિલકત પર કોઇ દબાણ કે વૈધાનિક જવાબદારીઓ બાકી નથી. તે બાબતની જાતે પોતે તપાસ કરી લેવી સંતોષ થયા પછી જ ઇ-ઓકશનમાં ભાગ લવો. **૧૨.વધુ અન્ય માહિતી મેળવવા માટે તથા ઇ-ઓકશનની ઓનલાઈન ટ્રેનીંગ મેળવવા માટે બીડર્સે સર્વિસ પ્રોવાઈડર, મેસર્સ કોરકોલ્ઝર, બ્લોક નં. ૬૦૫ એ છઠ્ઠા માળે, મૈત્રીવનમ કોમર્શિયલ કોમ્પલેક્ષ, અમીરપેટ, હૈદરાબાદ-૫૦૦૦૩૮. કો-ઓર્ડિનેટર શ્રી અરિજિત કુમાર દાસ મો. નં. ૮૧૪૨૦૦૦૭૨૫, ૮૧૪૨૦૦૦૦૬૨ ઈ-મેલ: arijit@bankauctions.in અથવા મનીષ બંસલ ઈમેલ આઇડી Manish.Bansal@tatacapital.com અધિકૃત અધિકારીનો મો.નં. ૮૫૮૮૯૩૬૯૬. મહેરબાની કરી તમારી સમસ્યા માટે વોટ્સએપ નંબર ૯૯૯૦૦૮૬૬૬. ૧૩.** સૌથી ઉંચી બોલી બોલનાર બિડરે જાહેર કરેલી ઉંચી કિંમત પર નિયમ મુજબ ૧ ટકા ટીડ